# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 5/11/2025** **Morning : 7.10 to 7.20**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **સસ્તા અનાજ ની દુકાનોના સંચાલકોની હડતાળનો સરકાર સાથેની સકારાત્મક વાટાઘાટ બાદ સુખદ અંત આવ્યો**
2. **ઘરેઘરે BLO દ્વારા માહિતી એકત્રિકરણ સાથે સમગ્ર રાજ્યમાં સઘન મતદાર સુધારણા અભિયાનનો આરંભ.**
3. **બોટાદ સાઈબર ક્રાઇમે 43 કરોડ કરતા વધુની છેતરપીંડી આચરનારા ગેંગનો પર્દાફાશ કરીને મુખ્ય આરોપીને ઝડપ્યો.**
4. **રાજ્યમાં દસમી નવેમ્બર સુધી હળવાથી મધ્યમ વરસાદની આગાહી.**
5. **વિશેષ આરતી અને અન્નકૂટ સાથે દેવદિવાળીની ઉજવણી, શીખો દ્વારા ગુરૂનાનક જયંતિની ભક્તિભાવપૂર્વક ઉજવણી.**

--------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# FIRE PRICE SHOP STRIKE OVER

છેલ્લા ચાર દિવસથી ચાલી રહેલ સસ્તા અનાજના સંચાલકોની હડતાળનો સુખદ અંત આવ્યો છે.

ગઇકાલે કેબિનેટ મંત્રી અને રાજ્ય કક્ષાના મંત્રી સાથે સસ્તા અનાજની દુકાનોના સંચાલકોના એસોસિએશનની મીટીંગ સંપન્ન થઈ હતી જેમાં સંચાલકોની મોટાભાગની માંગણીઓનો સ્વીકાર કરી દેવાયો હતો.

બંને એસોસિએસનના પ્રમુખોએ કહ્યું કે, અમારી પાંચ પડતર માંગણીઓ હતી જેની સકારાત્મક ચર્ચા થઇ છે. કમિશન વધારા ની બાબત આવતા 15 દિવસમાં દરખાસ્ત નાણાં વિભાગને મોકલશે તેમ પણ તેમણે કહ્યું હતું..

બાયોમેટ્રિકમા જૂની પદ્ધતિથી 2 સભ્યોની સહીથી જથ્થો ઉતારવા સહમતિ સધાઇ છે. જેને કારણે હડતાળ પૂર્ણ જાહેર કરાઇ હતી અને દુકાનદારો ચલણ જનરેટ કરી કામ શરૂ કરવા જણાવાયું હતું.

---

# SIR- DISTRICT

રાજ્યભરમાં ગઇકાલથી મતદારયાદીની ખાસ સઘન સુધારણા- SIR કામગીરીનો પ્રારંભ થયો છે. આગામી ચાર ડિસેમ્બર સુધી ઘરે ઘરે જઈ મતદારોનો સરવે કરાશે.

જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં બૂથ લેવલ ઓફિસર્સ- BLO દ્વારા ઘરે ઘરે ફરીને મતદારો પાસે એન્યુમરેશન ફોર્મ વિતરણ કરવાની કામગીરી શરૂ કરાઈ છે.

ગાંધીનગર જિલ્લામાં 13 લાખ 89 હજાર 712 મતદારોને ગણતરી ફોર્મના વિતરણનો પ્રારંભ ગઇકાલથી પ્રારંભ થયો છે. જિલ્લા કલેકટરે નાગરિકોને આ કામગીરીમાં સહયોગ કરવા અનુરોધ કર્યો હતો

સુરતમાં પણ મત ગણતરી પત્રકની વિતરણની કામગીરીનો પ્રારંભ થયો છે . આ કામગીરી માટે બીએલઓને વિશેષ તાલીમ અપાઈ છે. આ અંગે જિલ્લા કલેક્ટર સૌરભ પારધીએ વધુ માહિતી આપી..

**(બાઈટ – ડૉક્ટર સૌરભ પારધી, જિલ્લા કલેક્ટર)**

અમદાવાદ શહેર-જિલ્લાની 21 વિધાનસભા ક્ષેત્રના 62 લાખ 59 હજાર 620 મતદારો માટે કુલ 5 હજાર 524 જેટલા બીએલઓ ફોર્મ વિતરણની કામગીરીમાં જોડાયા છે. BLO દ્વારા ફોર્મ ભરાવતી વખતે મહિલા, અશક્ત નાગરિકો, દિવ્યાંગ અને વડીલોને સુવિધા મળી રહે તે માટે સ્વયંસેવક જૂથોની પણ મદદ લેવાનું આયોજન કરાયું છે.

આ ઉપરાંત વડોદરા જિલ્લામાં પણ આ કામગીરીનો આરંભ થયો હોવાનું કલેક્ટર અનિલ ધામેલીયાએ જણાવ્યું હતું.

**(બાઈટ – અનિલ ધામેલિયા, જિલ્લા કલેક્ટર)**

---

## DAHOD SERVAY

રાજ્યમાં પડેલા કમોસમી વરસાદના માવઠાને કારણે વ્યાપક પ્રમાણમાં પાક નુકસાન થયું હતું જેના સર્વેની કામગીરી થઇ રહી છે. દાહોદ જિલ્લામાં પણ આ

કામગીરી કરીને અહેવાલ તૈયાર થઇ રહ્યો હોવાનું ખેતીવાડી અધિકારી પી .આર. દવેએ જણાવ્યું હતું.

## બાઇટ- પી.આર.દવે , ખેતીવાડી અધિકારી , દાહોદ

બોટાદ જિલ્લામાં કમોસમી વરસાદથી પાક નુકસાનીના સર્વેની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે. ખેતીવાડી વિભાગની 189 જેટલી ટીમો દ્વારા ગામે ગામ જઈ, પાક નુકસાનીના સર્વેની કામગીરી કરી છે, જેમાં ખેડૂતો અને આગેવાનો સાથે રાખીને ગામવાર પાક નુકસાનીનો અંદાજ મેળવવામાં આવ્યો છે. વાવેતર પૈકી કુલ અસરગ્રસ્ત વિસ્તાર એક લાખ 78 હજાર 911 હેક્ટરમાં સર્વે કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

---

## BOTAD CYBER

બોટાદ સાઈબર ક્રાઇમે કરોડો રૂપિયાનો સાઈબર ફ્રોર્ડ કરતી ગેંગને ઝડપી પાડી છે. આ ષડયંત્રના એક મુખ્ય આરોપીની અટકાયત કરી છે. આ ગેંગ દ્વારા 43 કરોડ 60 લાખ જેટલા નાણાકીય વ્યવહાર સાઈબર ફ્રોડ દ્વારા કરાયા હોવાનું જાહેર થયું, તમામ રકમ ઉપાડી સગે વગે કરી હોવાની જાણકારી મળી હતી.

સરકારના એનસીઆરપી પોર્ટલમાં આ ગેંગ વિરુદ્ધ પાંચ ફરિયાદો નોંધાઈ છે, જેમાં 1.5 કરોડ રૂપિયા જેવી છેતરપિંડી થઈ હોવાનો ઉલ્લેખ થયો હતો. આ આરોપીને ગઢડામાંથી ઝડપી લેવાયો હોવાનું બોટાદના જિલ્લા પોલીસ વડા ધર્મેન્દ્ર શર્માએ જણાવ્યું હતું.

## બાઇટ- ધર્મેન્દ્ર શર્મા, જિલ્લા પોલીસ વડા, બોટાદ

---

# WORLD-COOPERATIVE-MONITOR-2025

અમૂલ અને ( IFFCO)ને વિશ્વની ટોચની દસ સહકારી સંસ્થાઓમાં પ્રથમ બે સ્થાન મળ્યા છે.

ઇન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઇઝર કોઓપરેટિવ લિમિટેડ ( IFFCO) અને ગુજરાત કોઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન ( Amul)એ ફરી એકવાર નોંધપાત્ર વૈશ્વિક નેતૃત્વ દર્શાવ્યું છે અને તેમને માથાદીઠ GDP પ્રદર્શનના આધારે વિશ્વમાં ટોચના સહકારી તરીકે સ્થાન આપવામાં આવ્યું છે.

આ રેન્કિંગ ઇન્ટરનેશનલ કોઓપરેટિવ એલાયન્સ ( ICA) વિશ્વ કોઓપરેટિવ મોનિટર 2025 દ્વારા કરવામાં આવ્યું છે. આ યાદી દોહા , કતારમાં સમેલનમાં જાહેર કરવામાં આવી હતી.

---

## DIU- JILLA PANCHAYAT CHUTANI

કેન્દ્ર શાસિત પ્રદેશ દીવ જિલ્લા પંચાયતની 3 બેઠકો માટે આજે સવારે 7 વાગ્યાથી મતદાનનો પ્રારંભ થયો છે. કુલ 14 મતદાન મથકમાંથી 4 બુચરવાડા અને 10 મથક વણાકબારામાં તૈયાર કરવામાં આવ્યાં છે.

ઉલ્લેખનીય છે કે દીવ વહીવટીતંત્રે તમામ મતદાન મથકો પર મતદારો માટે વેબકાસ્ટિંગ સુવિધાઓ અને અન્ય જરૂરી સુવિધાઓ પૂરી પાડી છે. આજે દીવમાં કુલ 7 હજાર 343 મતદારો જિલ્લા પંચાયતની ત્રણ બેઠકો માટે મતાધિકારનો ઉપયોગ કરશે.

---

# WEATHER

હવામાન વિભાગે 10 નવેમ્બર સુધી છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે વરસાદની શક્યતા છે. ખાસ કરીને , આ વરસાદ પૂર્વ અને મધ્ય ગુજરાતના જિલ્લાઓમાં અને તેની નજીકના ઉત્તર ગુજરાતના જિલ્લાઓમાં રહેશે.

તેમજ સૌરાષ્ટ્ર અને કચ્છના દક્ષિણ ભાગો , દરિયાકાંઠાના વિસ્તારો અને પશ્ચિમી કચ્છના જિલ્લાઓમાં પણ છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની સંભાવના હોવાનું હવામાન વિભાગના વડા ડૉક્ટર એ.કે. દાસે જણાવ્યું હતું.

## બાઇટ- ડૉક્ટર એ.કે.દાસ, વડા, હવામાન વિભાગ

છેલ્લા 24 કલાકમાં રાજ્યના ત્રણ તાલુકામાં વરસાદ વરસ્યો છે.

---

# DEV DIVALI – NANAK JAYANTI

રાજ્ય સહિત દેશભરમાં આજે દેવદિવાળી અને ગુરુનાનક જયંતિની ધાર્મિક હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરાઇ રહી છે. આજે કાર્તિકી પૂર્ણિમા છે , જેને ત્રિપુરારી પૂર્ણિમા તરીકે પણ ઓળખવામાં આવે છે , આ દિવસે ભગવાન શિવે ત્રિપુરાસુર નામના અસુરનો સંહાર કરીને ત્રિલોકનું કલ્યાણ કર્યું હતું.

રાજ્યભરના મંદિરોમાં આજે વિશેષ શણગાર સાથે ભગવાનને અન્નકૂટનો ભોગ ધરાવાશે. વિવિધ મંદિરોમા વિશેષ પુજાનું આયોજન કરાયું છે. કાર્તિકી પૂર્ણિમા નિમિત્તે સોમનાથ મહાદેવ મંદિર ખાતે મધ્યરાત્રે વિશેષ મહાપૂજા અને રાત્રે 12:00 વાગ્યે યોજાનાર મહાઆરતીમાં પ્રથમ વખત એસ.જી.વી.પી. દ્રોણેશ્વર ગુરુકુલના વિ ઘાર્થીઓના બેન્ડ દ્વારા મહાદેવની આરતી સંગીતમય રૂપે પ્રસ્તુત કરાશે.

ઉલ્લેખનીય છે કે આજના દિવસે મધ્યરાત્રે 12:00 વાગ્યે ચંદ્રમા , શ્રી સોમનાથ મંદિરનો ધ્વજ અને શ્રી જ્યોતિર્લિંગ એક સીધી રેખામાં આવે છે ત્યારે અદ્ભુત ખગોળીય ઘટના સર્જાય છે.

ભક્તોને આ દિવ્ય ક્ષણના દર્શન માટે મંદિર રાત્રે 1:00 વાગ્યા સુધી ખુલ્લું રહેશે. શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા તમામ દર્શનાર્થીઓ માટે સુવિધાસભર વ્યવસ્થા કરવામાં આવી છે.

બીજી તરફ પાટણના સિદ્ધપુર ખાતે સરસ્વતી નદીના કાંઠે આજે કાર્તિકી પુર્ણિમાના મેળામાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડે છે.

આજે શીખ ધર્મના સ્થાપક ગુરુ નાનક દેવની 556મી જન્મજયંતિ છે. ગુરુ નાનક જયંતિને ગુરુપુરબ કે પ્રકાશપર્વ તરીકે પણ ઓળખવામાં આવે છે. આજે રાજયભરના ગુરુદ્વારામાં વિશેષ લંગરનું આયોજન કરાયું છે.

આજે ભાવનગરના પાલિતાણામાં ગિરિરાજ શેત્રુંજયની યાત્રાનો પણ પ્રારંભ થઈ રહ્યો છે. જૈન ધર્મમાં આ યાત્રાનું વિષેશ મહત્વ રહેલું છે. આચાર્ય ભગવંતો , સાધુ-સાધ્વીજીઓ તેમજ ચાતુર્માસ કરી રહેલા આરાધકો આ મહાયાત્રામાં જોડાયા છે.

---

## UNITY MARCH

સરદાર પટેલના જન્મસ્થળ કરમસદ સહિત અમદાવાદ અને રાજ્યભરમાં એક્તા માર્ચનું આયોજન કરાયું હતું. જેમાં ગુજરાતમાં પણ દરેક વિધાનસભામાં આશરે 5થી 8 કિલોમીટરની પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.

અમદાવાદ શહેરમાં 9 નવેમ્બરથી 22 નવેમ્બર સુધીમાં દરેક વિધાનસભામાં એક્તા માર્ચનું આયોજન કરવામાં આવ્યું છે. પંચમહાલ જીલ્લામાં પણ આ પદયાત્રાનું આયોજન કરાયું હોવાની કલેક્ટર દ્વારા પત્રકાર પરિષદ યોજીને જાહેરાત કરાઇ હતી.

---

# NATIONAL RANKING TABLE TENNIS – GUJARAT MEDAL

ત્રીજી નેશનલ રેંકિંગ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટની અંડર-13 કેટેગરીમાં રાજ્યના દેવ ભટ્ટે રજત ચંદ્રક જીત્યો છે. જ્યારે વિવાન દવેએ અંડર -15માં કાંસ્ય ચંદ્રક જીત્યો છે. સેમિફાઇનલમાં વિવાનનો પશ્ચિમ બંગાળના રિષાન સામે પરાજય થયો હતો.